

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 124
Dt.: 11-03-2026,
Wednesday
Page:04
Rs.00.50 paisa

### ક્રૂડ તેલની કિંમતોમાં ૨૫ ટકા સુધીનો વધારો

# યુદ્ધના કારણે વિશ્વભરમાં હાહાકાર, ૯ દેશોમાં પેટ્રોલ-ગેસ સંકટ અને મોંઘવારીનો ડર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા-ઈઝરાયલ ઈરાન સાથે છેલ્લા ૧૧ દિવસથી યુદ્ધ કરી રહ્યા છે, તો ઈરાને વિશ્વભર માટે સૌથી મહત્વનો જળમાર્ગ હોર્મુઝ બંધ કરવાના કારણે અનેક તેલ ટેકરો સહિતનો સામાન અટકી પડ્યો છે, યુદ્ધના કારણે સંયુક્ત આરબ અમીરાત અને સાઉદી અરેબિયા સહિતના દેશોએ પણ આયાત પર કામ મુકી દીધો છે, જેના કારણે અનેક દેશોમાં ફ્યૂલ સંકટને લઈ હાહાકાર મચી ગયો છે. મધ્ય-પૂર્વમાં ભયાનક યુદ્ધ ચાલી રહ્યું હોવાના કારણે ભારત સહિત વિશ્વના અનેક દેશો ફ્યૂલ સંકટનો સામનો કરી રહ્યા છે. પાકિસ્તાન, ફ્રાન્સ, અમેરિકા, જર્મની, પોલેન્ડ, વિયેતનામ, બાંગ્લાદેશ, શ્રીલંકા અને ઈન્ડોનેશિયામાં ઈંધણની ભારે કટોકટી સર્જાઈ છે. મધ્ય-પૂર્વમાં દિવસે ને દિવસે ઘર્ષણ વધવાના કારણે ઊર્જા સપ્લાયની આયાત-નિકાસ કરવામાં ભારે અડચણો ઉભી થઈ રહીછે.

ઈરાને પોતાના સ્ટ્રેટ ઓફ હોર્મુઝનો રસ્તો બંધ કરી દીધો હોવાથી ક્રૂડ તેલની કિંમતો ૨૫ ટકા સુધી વધી ગઈ છે. યુદ્ધના કારણે અનેક દેશો સમક્ષ એવું સંકટ ઉભું થયું છે કે, ક્યાં પેટ્રોલ પંપો પર લાંબી કતારો જોવા મળી છે, તો ક્યાંક હોટલ-રેસ્ટોરન્ટો બંધ કરવાનો આદેશ અપાયો છે. એટલું જ નહીં દૈનિક અપાતા પેટ્રોલમાં પણ કાપ મુકવામાં આવ્યો છે. ગભરાટ તેમજ પુરવઠાની અનિશ્ચિતતાના કારણે નાગરિકો ટેન્શનમાં મુકાઈ ગયા છે અને પેટ્રોલ પુરાવા માટે પેટ્રોલ પર લાઈન લગાવી દીધી છે, તો અનેક દેશોની સરકારોએ પણ ચિંતત થઈને વિવિધ રસ્તાઓ અપનાવવાના શરૂ કરી દીધા છે.

પાકિસ્તાન : આર્થિક સંકટ અને ભારે મોંઘવારીનો સામનો કરી રહેલા પાકિસ્તાન ફરી મોટી આફતનો સામનો કરી રહ્યું છે. પાકિસ્તાનમાં હાલ મોંઘવારીમાં અદમ્ય વધારો થયો છે. યુદ્ધ પહેલા ત્યાં પેટ્રોલની કિંમત ૨૬૬ રૂપિયાની આસપાસ હતી, ત્યારે હવે યુદ્ધ બાદ કિંમતોમાં ૫૫ રૂપિયાનો વધારો થયો છે. એટલે કે હાલ ત્યાં પેટ્રોલની કિંમત ૩૨૧ રૂપિયા પર પહોંચી ગઈ છે. પાકિસ્તાન સરકારે સંકટને ટાળવા માટે ઈંધણ બચાવવા માટે શાળાઓમાં બે અઠવાડિયાની રજા જાહેર કરવામાં આવી છે અને ઉચ્ચ શિક્ષણને ઓનલાઈન મોડ પર ખસેડવામાં આવ્યું છે. આ ઉપરાંત સરકારી કચેરીઓમાં ૫૦% સ્ટાફને ઘરેથી કામ કરવાની સૂચના આપવામાં આવી છે અને ઓફિસો અઠવાડિયામાં માત્ર ૪ દિવસ ચલાવવાનો નિર્ણય લેવાયો છે.

બાંગ્લાદેશ : ઈંધણના ભાવમાં વધારાની વાતો સામે આવ્યા બાદ ઈંધણ બંધ થવાની આશંકાના કારણે બાંગ્લાદેશના લોકો ગભરાઈ ગયા છે. અહીં લોકોએ જરૂરીયાત કરતા વધુ પેટ્રોલની સંગ્રહખોરી શરૂ કરી દીધી છે, જેના કારણે દેશમાં પેટ્રોલની ભારે અછત સર્જાઈ છે. સરકારે સાવધાનીના ભાગરૂપે બાઈકચાલકોને દિવસમાં માત્ર બે લીટર પેટ્રોલ અને કાર ચાલકને દૈનિક ૧૦ લીટર પેટ્રોલ આપવાનો આદેશ આપ્યો છે. અહીં પેટ્રોલ પંપો પર રસીદ પણ ચેક કરવામાં આવી રહી છે અને પેટ્રોલનો સંગ્રહ અટકાવવા માટે કડક નિયમો લાગુ કરી દીધા છે.

શ્રીલંકા : દેશમાં ઈંધણની કિંમતોમાં ૮ ટકાનો વધારો થયો હોવાની વિગતો સામે આવી છે. શ્રીલંકન સરકાર પાસે એપ્રિલ સુધીનો સ્ટોક હોવાનું આશ્વસન આપ્યું છે. દેશમાં ચિંતા છે કે, ઈંધણના ભાવ વધરાવના કારણે માલ-સામાનના પરિવહનનો ખર્ચ વધશે, જેના કારણે મોંઘવારી આસમાને પહોંચી જશે. અહીં પણ લોકોએ ગભરાટમાં પેટ્રોલનો સંગ્રહ શરૂ કરી દીધો છે, જેના કારણે શ્રીલંકાની સરકારી તેલ કંપની સીલોન પેટ્રોલિયમ કોર્પોરેશન (CPC)એ ખાતરી આપી છે કે, સરકાર પાસે એપ્રિલ સુધીનો સ્ટોક છે.

જર્મની : ક્રૂડ ઓઈલના ભાવ વધવાની અસર જર્મની સુધી પણ પહોંચી છે. દેશમાં ક્રૂડ ઓઈલ અને ઈંધણની કિંમતોમાં ઉછાળો આવ્યો છે. ચાન્સેલર ફ્રેડરિક મેર્જ વધતી કિંમતો મામલે બેઠકો અને સમીક્ષા કરી રહ્યા છે.

ફ્રાન્સ : યુદ્ધ બાદ ક્રૂડ ઓઈલના ભાવમાં ધરખમ વધારો થતા અને ત્યારબાદ અનેક અફવાઓ સામે આવ્યા બાદ ફ્રાન્સના પેટ્રોલ પંપો પર લાંબી કતારો જોવા મળી છે. એકતરફ દેશના લોકોએ ચિંતામાં આવીને પેટ્રોલનો સંગ્રહ શરૂ કરી દીધો છે, તો બીજીતરફ તેઓને મોંઘવારી વધાવનો પણ ડર સતાવી રહ્યા છે.

પોલેન્ડ : ફ્રાન્સ જેવી સ્થિતિ પોલેન્ડમાં પણ સર્જાઈ છે. અહીંના પેટ્રોલ પંપો પર પણ લાંબી કતારો થઈ છે.

વિયેતનામ : યુદ્ધની ગંભીર અસરોમાં વિયેતનામનું પણ નામ સામેલ છે. દેશમાં પુરવઠાને લઈ સરકારે ચિંતા વ્યક્ત કરી છે અને લોકોને ઈંધણની બચત કરવાની અપીલ કરી છે. સરકારે લોકોને વધુમાં વધુ બાયોફ્યૂઅલ, જાહેર પરિવહનનો ઉપયોગ કરવાની વિનંતી કરવામાં આવી છે.

ઈન્ડોનેશિયા : ક્રૂડ ઓઈલની કિંમતોમાં વધારાના કારણે ઈન્ડોનેશિયા સરકાર પણ પડકારોનો સામનો કરી રહી છે. સરકાર મ્પ૦ બાયોડીઝલ યોજના ફરી લાગુ કરવાની વિચારણા કરી રહી છે. સરકારનું માનવું છે કે, મ્પ૦ ના ઉપયોગથી ૫૦% ડીઝલની આયાત ઓછી કરવી પડશે, જેનાથી અબજો ડોલરની બચત થશે. B૫૦ એ પરંપરાગત ડીઝલ અને બાયોડીઝલનું એક મિશ્રણ છે. જેમાં આંકડો '૫૦' મિશ્રણની ટકાવારી દર્શાવે છે. ઈન્ડોનેશિયા વિશ્વનો સૌથી મોટો પામ ઓઈલ ઉત્પાદક દેશ છે. તેથી તે પોતાના દેશમાં ઉગતા પામ ઓઈલનો ઉપયોગ ઈંધણ તરીકે કરીને તેલની આયાત ઘટાડવા માંગે છે.

અમેરિકા : યુદ્ધની સીધી અસર અમેરિકાના સ્થાનિક બજાર પર પણ જોવા મળી રહી છે, જ્યાં ગેસ પંપો પર ઈંધણની કિંમતોમાં પ્રતિ ગેલન ૧૧ સેન્ટ સુધીનો નોંધપાત્ર વધારો થયો છે. પશ્ચિમ એશિયામાં વધતા તણાવને કારણે વૈશ્વિક પુરવઠા સાંકળ ખોરવાઈ જવાની આશંકાએ અમેરિકન વહીવટીતંત્ર અને જનતામાં ચિંતા જગાવી છે. ખાસ કરીને હોર્મુઝની સામુદ્રધુની જેવા મહત્વના દરિયાઈ માર્ગો પર જો લાંબા સમય સુધી અવરોધ રહેશે, તો આગામી દિવસોમાં આયાત ખર્ચ વધવાની અને ઊર્જા સંકટ વધુ ઘેરું બનવાની શક્યતા છે, જેની સીધી અસર અમેરિકાના પરિવહન ક્ષેત્ર અને સામાન્ય ગ્રાહકોના ખિસ્સા પર પડી રહી છે. મધ્ય-પૂર્વમાં યુદ્ધથી અનેક દેશો મોટા સંકટમાં મુકાઈ ગયા છે. વિશ્વમાં આયાત-નિકાસ થતા લગભગ ૩૧ ટકા ક્રૂડ ઓઈલ અને લિક્વિફાઈડ નેચુરલ ગેસ (LNG) હોર્મુઝ જળમાર્ગમાંથી જ પસાર થાય છે. જોકે યુદ્ધના કારણે આ જળમાર્ગ બંધ થઈ જતા વૈશ્વિક ઊર્જા વેપાર સંપૂર્ણ અટકી પડ્યો છે. નિષ્ણાંતોનું માનવું છે કે, જો યુદ્ધ લાંબુ ચાલશે તો ક્રૂડ ઓઈલની કિંમતો પ્રતિ બેરલ ૧૨૦થી ૧૫૦ ડોલર પર પહોંચી શકે છે. સંકટ એવું ઉભું થયું છે કે, દુનિયાભરના શેર માર્કેટ ક્રેડ થયા છે અને કિંમતો સતત વધી રહી છે.

---

### ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમાર બંગાળની મુલાકાતે પહોંચ્યા

## બંગાળ ચૂંટણીમાં કાયદો-વ્યવસ્થા ખોરવનારા સામે આકરા પગલાં ભરીશું

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાત્તા

બંગાળમાં વિધાનસભાની ચૂંટણી પહેલાં મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમાર બંગાળની મુલાકાતે પહોંચ્યા હતા. તેમણે અધિકારીઓ સાથે બેઠક કરી હતી અને તાકીદ કરી હતી કે બંગાળની ચૂંટણીમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જે કોઈ જોખમમાં મૂકશે તેની સામે કડક કાર્યવાહી કરાશે. રાજ્યના ચૂંટણી પંચના અધિકારીઓ સાથે બેઠક કરીને મુખ્ય ચૂંટણી કમિશ્નરે આવનારી ચૂંટણી અંગે જાણકારી મેળવી હતી.મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારે રાજ્યના ચૂંટણી પંચ સાથે, રાજ્યના અધિકારીઓ સાથે ચૂંટણીને લગતી સમીક્ષા બેઠક યોજી હતી. જોકે, એમાં રાજ્યના નાર્કોટિક્સ એડવાઈઝરી સમિતિની ગેરહાજરી અંગે તેમણે નારાજગી વ્યક્ત કરી હતી. રાજ્યના પોલીસ અધિકારીઓ અને વહીવટી અધિકારીઓ સાથે બેઠક યોજીને તેમણે કહ્યું હતું કે ચૂંટણી વખતે કાયદો-વ્યવસ્થાનું યોગ્ય પાલન થવું જરૂરી છે. કાયદો-વ્યવસ્થાનો ભંગ થશે તો આકરા પગલાં ભરાશે. અરાજકતા ન સર્જાય તે માટે તેમણે અધિકારીઓને તાકીદ કરી હતી. રાજ્યની તમામ એજન્સીઓને તેમણે કાયદો-વ્યવસ્થાની સ્થિતિ સામે ઝીરો ટોલરન્સની પૉલિસી અપનાવવાની ભલામણ કરી હતી. મુખ્ય ચૂંટણી કમિશ્નરે સત્તાધારી પાર્ટી ટીએમસી, મુખ્ય વિપક્ષ ભાજપ ઉપરાંત કોંગ્રેસ અને ડાબેરી સહિતના પક્ષોના પ્રતિનિધિઓ સાથે પણ એસઆઈઆરના મુદ્દે બેઠક કરી હતી. ટીએમસીએ એસઆઈઆર મુદ્દે લોકોને પરેશાન કરાતા હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. બીજી તરફ ભાજપે તેને સમયસરની અને જરૂરી કાર્યવાહી ગણીને સમર્થન આપ્યું હતું. બીજી તરફ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મુખ્ય ચૂંટણી કમિશ્નર પર આરોપ લગાવતા કહ્યું હતું કે બંગાળમાં આવીને દેશના મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજ્યના અધિકારીઓને ડરાવી-ધમકાવી રહ્યા છે. એસઆઈઆર મુદ્દે મમતા બેનર્જીએ ફરીથી કેન્દ્ર સરકાર અને ચૂંટણી કમિશન પર સવાલો ઉઠાવ્યા હતા. મમતા બેનર્જી એસઆઈઆર મુદ્દે આંદોલન કરી રહ્યાં છે. તેમણે ધરણાના સ્થળેથી જ ચૂંટણી કમિશ્નર સામે બંગાળના અધિકારીઓને ધમકાવ્યા હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કટાક્ષ કર્યો હતો કે મુખ્ય ચૂંટણી કમિશ્નર બહાદુરી બતાવી રહ્યા છે, એ સારી બાબત છે. પરંતુ ખોટી બહાદુરીનો કોઈ અર્થ નથી. મારો તો એક જ મુદ્દો છે કે મતદાન એ દરેક ભારતીય નાગરિકનો અધિકાર છે. હું એ અધિકાર અપાવવા માટે લડી રહી છું.

---

### LPGની અછતની અફવા

## ઈરાન યુદ્ધના કારણે દેશમાં ગેસના સિલિન્ડરોના કાળાબજાર થવા લાગ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન યુદ્ધના કારણે દેશમાં ગેસના સિલિન્ડરોના કાળાબજાર થવા લાગ્યા છે. રમઝાન ચાલુ છે ત્યારે કેટલાક સ્થળોએ જરૂરિયાતના કારણે રાંધણ ગેસના સિલિન્ડર રૂ. ૧,૫૦૦માં ખરીદવાની ફરજ પડી છે. સરકારે સિલિન્ડરોના કાળા બજાર ડામવા બૂકિંગના નિયમોમાં ફેરફાર કર્યો છે. એક સિલિન્ડરવાળા ૨૧ના બદલે ૨૫ અને બે સિલિન્ડરવાળા ૨૫ના બદલે ૩૦ દિવસે બૂકિંગ કરાવી શકશે. દેશના કેટલાય શહેરોમાં રાંધણગેસના પુરવઠાને લઈને લોકોમાં ડર જોવા મળી રહ્યો છે.

કેટલાય શહેરો અને કસબાઓમાં ગેસના બાટલા માટે લાંબીલાંબી લાઈન જોવા મળી રહી છે. લોકો ખાલી સિલિન્ડરો સાથે એજન્સીઓની બહાર ઊભેલા જોવા મળી રહ્યા છે. જો કે સરકાર અને ઉર્જા ક્ષેત્રના નિષ્ણાતોનું કહેવું છે કે દેશમાં ગેસના સિલિન્ડરોની કોઈ કટોકટી નથી. હાલમાં જોવા મળતી સ્થિતિનું મુખ્ય કારણ ગભરાટમાં કરવામાં આવતું બૂકિંગ અને સ્થાનિક સ્તરે પુરવઠા અંગેની સમસ્યા છે.સોમવારે રાષ્ટ્રીય રાજધાનીમાં નોએડાના સેક્ટર-૨૨માં એક ગેસ એજન્સીની બહાર સવારથી જ લોકોની લાઈન લાગી ગઈ. આ જ રીતે ઉત્તરપ્રદેશના સીતાપુર જિલ્લાના બર્ડપુર ગામનો વિડીયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો. આ વિડીયોમાં લોકો મોટાપાયા પર ગેસ એજન્સીની બહાર ખાલી સિલિન્ડર લઈને લાઈન લગાવીને બેઠા છે.

જો કે વપરાશકારોનું કહેવું છે કે વાસ્તવમાં એલપીજીની કોઈ કમી નથી. કેટલાય લોકોએ જણાવ્યું હતું કે તેમને નિયમિત રીતે સિલિન્ડર મળી રહ્યા છે. છતાં પણ કેટલાક સ્થળોએ સ્થિતિ જુદી દેખાય છે. ઉત્તરપ્રદેશના પ્રતાપગઢ જિલ્લામાં એક મહિલાએ દાવો કર્યો કે તેણે એલપીજી ૧,૫૦૦ રુપિયામાં ખરીદ્યુ હતુ.

---

## ઈરાનને આપી છેલ્લી ચેતવણીઃ યુદ્ધ સમાપ્ત થવાના આરે... ડોનાલ્ડ ટ્રમ્પનો વધુ એક મોટો દાવો!

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મિડલ ઈસ્ટના તણાવ વચ્ચે એક મોટું નિવેદન આપતા જણાવ્યું છે કે, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલું આ યુદ્ધ હવે લગભગ સમાપ્તિના આરે છે. ટ્રમ્પે મીડિયા સાથેની વાતચીતમાં સ્પષ્ટ કર્યું કે ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલા સંયુક્ત સૈન્ય હુમલા બાદ ઈરાનની શક્તિ સંપૂર્ણપણે વેરવિખેર થઈ ગઈ છે. તેમણે દાવો કર્યો હતો કે આ લડાઈ હવે તેના અંતિમ તબક્કામાં છે અને ઈરાન પાસે હવે પ્રતિકાર કરવાની ક્ષમતા બચી નથી.ટ્રમ્પે ઈરાનની સૈન્ય સ્થિતિ અંગે વિગતવાર માહિતી આપતા કહ્યું કે, 'તેહરાનની કોમ્યુનિકેશન સિસ્ટમ અને નેવી સંપૂર્ણપણે નાશ પામી છે. આ ઉપરાંત ઈરાનની વાયુસેના અને મિસાઈલ સિસ્ટમ પણ ધ્વસ્ત થઈ ગઈ છે. ટ્રમ્પે જણાવ્યું કે તેમના ડ્રોન દરેક જગ્યાએ તોડી પાડવામાં આવ્યા છે અને ડ્રોન બનાવતી ફેક્ટરીઓ પણ હવે અસ્તિત્વમાં નથી. આ સાથે જ તેમણે સ્ટ્રેટ ઑફ હોર્મુઝ હવે વ્યાપારી જહાજો માટે ખુલ્લું હોવાનો દાવો કર્યો છે અને અમેરિકા આ મહત્ત્વના દરિયાઈ માર્ગ પર પોતાનું નિયંત્રણ મેળવવા વિચારી રહ્યું છે.જોકે, આ મામલે ટ્રમ્પે ઈરાનને અત્યંત કડક શબ્દોમાં ચેતવણી પણ આપી છે. તેમણે કહ્યું કે જો ઈરાને હવે કોઈ પણ પ્રકારની 'ચાલાકી' કે નવી હરકત કરવાની કોશિશ કરી, તો તે આ દેશનો અંત હશે અને પછી તેનું નામ પણ સાંભળવા નહીં મળે. એક તરફ ટ્રમ્પ આ જંગ પૂરી થવાની વાત કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ અમેરિકાના સંરક્ષણ મંત્રાલયનું માનવું છે કે લડાઈ હજી તો માત્ર શરૂ થઈ છે. મિડલ ઈસ્ટની આ અસ્થિરતાને કારણે વૈશ્વિક બજાર અને ઓઈલની કિંમતોમાં પણ ભારે ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે.

---

### અડધી રાત્રે પિટિશન ડ્રાફ્ટ કરો છો કે શું?: કોર્ટનો સવાલ

## ડુંગળી-લસણ તામસિક છે? સુપ્રીમે અરજી ફગાવી દીધી

### હવે પછી જો તમે આવી પિટિશન ફાઈલ કરશો, તો મોટો દંડ ફટકારવામાં આવશેઃ કોર્ટે અરજદારને ચેતવણી આપી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી



સુપ્રીમ કોર્ટમાં એક વકીલે જાહેર હિતની પાંચ જાહેર હિતની અરજીઓ (પીઆઈએલ) દાખલ કરી હતી. જેમાંથી એક અરજીમાં માંગ કરવામાં આવી હતી કે ડુંગળી અને લસણમાં તામસિક કે નેગેટિવ એનર્જી હોય છે કે નહીં તે અંગે રિસર્ચ કરાવવામાં આવે. આ બાબતે સોમવારે સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંતે એડવોકેટ સચિન ગુપ્તાને ફટકાર લગાવી હતી. ચીફ જસ્ટિસે પૂછ્યું કે, ''અડધી રાત્રે આ બધી પિટિશન ડ્રાફ્ટ કરો છો કે શું?''ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે વકીલની પાંચેય જાહેર હિતની અરજીઓ અસ્પષ્ટ, ફાલતુ અને પાયાવિહોણી ગણાવીને ફગાવી દીધી હતી. પિટિશનરે જવાબ આપ્યો હતો કે આ એક સામાન્ય મુદ્દો છે અને દાવો કર્યો હતો કે ગુજરાતમાં ખોરાકમાં ડુંગળીના વપરાશને કારણે કથિત રીતે એક છૂટાછેડા પણ થયા હતા. ડુંગળી અને લસણ સંબંધિત આ પિટિશનમાં જૈન સમુદાયની ખાનપાન પદ્ધતિનો ઉલ્લેખ હતો, જેઓ પરંપરાગત રીતે ડુંગળી, લસણ અને કંદમૂળને તામસિક ખોરાક માનીને તેનાથી દૂર રહે છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતે વકીલ સચિન ગુપ્તાને પૂછ્યું કે, ''તમે જૈન સમુદાયની લાગણીઓને કેમ ઠેસ પહોંચાડવા માંગો છો?'' સુપ્રીમ કોર્ટની બેન્ચે અરજી ફગાવતા કહ્યું કે, જો પિટિશનર વકીલ ન હોત તો અમે ભારે દંડ ફટકારીને આ અરજી રદ કરી હોત. આ અરજી કેઝ્યુઅલ ડ્રાફ્ટિંગ અને સુપ્રીમ કોર્ટ પર બોજ નાખવાનું એક ઉદાહરણ છે. ગુપ્તાને ચેતવણી આપવામાં આવી હતી કે હવે પછી જો તમે આવી પિટિશન ફાઈલ કરશો, તો મોટો દંડ ફટકારવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ ઉપરાંત એડવોકેટ સચિન ગુપ્તાની જે અરજીઓ ફગાવવામાં આવી, તેમાં દારૂ અને તમાકુની પ્રોડક્ટ્સમાં નુકસાનકારક તત્વોને નિયંત્રિત કરવા માટે નિર્દેશ આપવાની માંગ, પ્રોપર્ટીનું ફરજિયાત રજિસ્ટ્રેશન પાકું કરવા માટે આદેશ આપવાની માંગ અને શાસ્ત્રીય ભાષાઓ જાહેર કરવા માટેની ગાઈડલાઈન્સની માંગ કરતી અરજીનો સમાવેશ થાય છે.

---

## ભારત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં અફઘાનિસ્તાનની પડખે ઉભુ રહ્યું !

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં અફઘાનિસ્તાન પર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાની આકરી નિંદા કરી છે. યુએનમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ પી. હરીશે સોમવારે સુરક્ષા પરિષદમાં કહ્યું હતું કે, 'એક તરફ આંતરરાષ્ટ્રીય કાયદા અને ઈસ્લામી એકતાની મોટી વાતો કરવી અને બીજી તરફ પવિત્ર રમઝાન માસમાં નિર્દોષ લોકો પર હવાઈ હુમલા કરવા તે પાકિસ્તાનનો દંભ અને પાખંડ છે. આ હુમલાઓમાં મોટાભાગે મહિલાઓ અને બાળકોના મોત થયા છે, જે કોઈપણ દેશની સંપ્રભુતા અને યુએન ચાર્ટરનું સીધું ઉલ્લંઘન છે.'પી. હરીશે વધુમાં વિગત આપતા જણાવ્યું કે, ૬ માર્ચ, ૨૦૨૬ સુધીમાં થયેલા આ હુમલાઓમાં ૧૮૫ નિર્દોષ નાગરિકો માર્યા ગયા છે, જેમાં ૫૫%થી વધુ મહિલાઓ અને બાળકો છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે ઈસ્લામાબાદ પોતે જ આતંકવાદી સંગઠનોનો ઉપયોગ પાડોશી દેશો પર હુમલા કરવા માટે કરે છે. ભારત તરફથી લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમ્મદ અને 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ' જેવા આતંકવાદી સંગઠનો સામે આંતરરાષ્ટ્રીય સમુદાયને એક થવા અપીલ કરવામાં આવી હતી. ખાસ કરીને એપ્રિલમાં પહલગામમાં થયેલા આતંકી હુમલાનો ઉલ્લેખ કરતા તેમણે આતંકવાદ સામે સખત પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.



# તંત્રી લેખ......

## યુદ્ધ કટોકટીને વધારે છે, તેલ રમત વિશ્વ અર્થતંત્રને વધુ ખરાબ કરી શકે છે

ઈરાન સામે અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ચલાવવામાં આવેલા યુદ્ધમાં ક્રૂડ ઓઈલના ભાવ ઈ૧૦૦ ને વટાવી ગયા છે, જેના કારણે વૈશ્વિક અર્થતંત્ર સામેના સંકટ વધુ ઘેરા બન્યા છે. યુએસ અને ઈઝરાયલી હુમલાઓના જવાબમાં ઈરાન પણ ગલ્ફ દેશો પર હુમલો કરી રહ્યું હોવાથી, પશ્ચિમ એશિયામાંથી તેલ અને ગેસના પુરવઠામાં વધુ વિક્ષેપ પડવાનું જોખમ છે. આ પ્રદેશને તેલ અને ગેસ પૂરો પાડતી હોર્મુઝની સામુદ્રધુની અવરોધિત છે. હાલમાં, એવા કોઈ સંકેત નથી કે તેલ અને ગેસ ટેક્રરો આ જળમાર્ગ દ્વારા પરિવહન કરી શકશે. જો પશ્ચિમ એશિયા યુદ્ધથી ત્રાસી રહ્યું છે, તો તેલ, ગેસ અને ખાતર બંનેના ભાવ વધી શકે છે. ઈઝરાયલ અને ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટ્સને સમજવું જોઈતું હતું કે જો ઈરાનને નિશાન બનાવવામાં આવે છે, તો તે હોર્મુઝની સામુદ્રધુની બંધ કરી શકે છે, જેનાથી પશ્ચિમ એશિયામાંથી તેલ અને ગેસ પુરવઠો બંધ થઈ શકે છે, જેના પરિણામે ઘણા દેશો માટે કટોકટી ઊભી થઈ શકે છે.

એ સમજવું મુશ્કેલ છે કે યુનાઈટેડ સ્ટેટ્સ પશ્ચિમ એશિયામાંથી તેલ અને ગેસ પુરવઠામાં વિક્ષેપ અટકાવવા માટે પગલાં લેવામાં કેમ નિષ્ફળ ગયું. તે હજુ પણ આવા પગલાં લેવાનું વિચારી રહ્યું નથી, અને તેનાથી વિપરીત, યુએસ પ્રમુખ ટ્રમ્પ તેલના વધતા ભાવોથી બેદરકાર દેખાય છે. તેમના માટે એવો દાવો કરવો ખૂબ જ બેજવાબદારીભર્યું છે કે તેઓ ઈરાનને પરમાણુ નિઃશસ્ત્રીકરણ માટે આ 'નાની કિંમત' ચૂકવવા તૈયાર છે.

એક તરફ, ટ્રમ્પ પોતાને એક સ્વ-ઘોષિત નેતા તરીકે રજૂ કરે છે જે વિશ્વ વ્યવસ્થાનો માર્ગ બનાવે છે, જ્યારે બીજી તરફ, તેઓ બેદરકારી દાખવી રહ્યા છે, તેને જોખમમાં પણ મૂકી રહ્યા છે. હવે, એવું લાગે છે કે તેણે ઈરાનની લશ્કરી ક્ષમતાઓ અને આંતરિક પરિસ્થિતિનું યોગ્ય રીતે મૂલ્યાંકન કર્યા વિના હુમલો કર્યો હતો. ઈઝરાયલ અને અમેરિકાએ ધાર્યું હતું કે ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ ખામેનીની હત્યાથી સત્તાનું સરળ સંક્રમણ થશે અને ઈરાની સૈન્ય ચોક્કસ બિંદુથી આગળ પ્રતિકાર કરી શકશે નહીં. જોકે, હાલમાં એવું લાગતું નથી. ખામેની કરતા પણ વધુ કટ્ટરપંથી ગણાતા તેમના પુત્ર, મોજતબાને તેના નવા સર્વોચ્ચ નેતા તરીકે ચૂંટીને, ઈરાને સંકેત આપ્યો કે શાસન પરિવર્તન નિકટવર્તી છે. ઈરાની સૈન્ય વધુને વધુ આક્રમક ક્ષમતાઓ પણ પ્રદર્શિત કરી રહ્યું છે. ઈઝરાયલને નિશાન બનાવવા ઉપરાંત, તે પશ્ચિમ એશિયામાં યુએસ લશ્કરી થાણાઓ તેમજ ત્યાંના તેલ અને નાગરિક વિસ્તારો પર હુમલો કરવા સક્ષમ છે. તેની ઘાતક ક્ષમતાઓ સૂચવે છે કે, હાર સ્વીકારવાને બદલે, તે પશ્ચિમ એશિયાને આ યુદ્ધમાં ખેંચવા માંગે છે. જો આવું થાય, તો વિશ્વનું સંકટ વધુ વધશે અને અમેરિકા પણ તેનાથી પ્રભાવિત થશે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૬૫૭ લપસ્યોઃ સોનાનો વાયદો વધીને રૂ.૧.૬૨ લાખ અને ચાંદીનો વાયદો રૂ.૨.૭૮ લાખને પાર

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૧૭૭૯.૦૩ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૩૮૮૭૫.૭૧ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૭૭૫૫.૯૬ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૪૦૨૬૪ પોઈન્ટના સ્તરે


મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૭૦૬૫૬.૦૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૧૭૭૯.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૩૮૮૭૫.૭૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૪૦૨૬૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૬૧૧૫.૩૭ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૭૭૫૫.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૧૭૪૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૨૩૮૮ અને નીચામાં રૂ.૧૬૧૩૪૦ના મથાળે અથડાઈ, રૂ.૧૬૦૨૯૯ના આગલા બંધ સામે રૂ.૧૭૦૧ વધી રૂ.૧૬૨૦૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૯૫૮ વધી રૂ.૧૩૨૧૬૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૧૭ વધી રૂ.૧૬૬૧૩ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૧૪ વધી રૂ.૧૬૧૯૩૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૩૭૭૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૩૭૭૯ અને નીચામાં રૂ.૧૬૨૧૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૬૧૪૦૨ના આગલા બંધ સામે રૂ.૧૨૪૮ વધી રૂ.૧૬૨૬૫૦ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૭૧૦૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૭૮૩૩૯ અને નીચામાં રૂ.૨૭૧૦૦૦ના મથાળે અથડાઈ, રૂ.૨૬૭૧૬૦ના આગલા બંધ સામે રૂ.૭૭૫૫ વધી રૂ.૨૭૪૯૧૫ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૭૩૯૭ વધી રૂ.૨૮૦૩૫૫ થયો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૭૪૩૯ વધી રૂ.૨૮૦૪૧૬ના સ્તરે પહોંચ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૧૮૩.૨૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૯.૫૫ વધી રૂ.૧૨૦૩ના સ્તરે પહોંચ્યો હતો. જસત માર્ચ વાયદો રૂ.૧.૭ વધી રૂ.૩૨૬.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૧.૧૫ ઘટી રૂ.૩૩૪.૮ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો ૪૫ પૈસા વધી રૂ.૧૮૮.૬૫ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૧૭૧૫.૬૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૧૫૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૧૫૬ અને નીચામાં રૂ.૪૦૯૪ના મથાળે અથડાઈ, રૂ.૧૫ વધી રૂ.૪૧૨૯ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૮૪૩૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૪૫૯ અને નીચામાં રૂ.૭૮૪૬ના મથાળે અથડાઈ, રૂ.૮૭૮૮ના આગલા બંધ સામે રૂ.૬૫૭ ઘટી રૂ.૮૧૩૧ થયો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૬૫૭ ઘટી રૂ.૮૧૩૨ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૭ ઘટી રૂ.૨૮૮.૭ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૧.૮ ઘટી રૂ.૨૮૮.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૭૨.૧ના ભાવે ખૂલી, રૂ.૩ ઘટી રૂ.૯૭૦ થયો હતો. એલચી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૫૨૯ના ભાવે ખૂલી, રૂ.૫ ઘટી રૂ.૨૫૪૨ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૨૭૩.૦૨ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૪૮૨.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૫૦૯.૧૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૩૧.૩૬ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૪.૨૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૬.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૭.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૯૭૧૧.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯૯૬.૯૭ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૬.૮૦ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૪૮ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૦૧૦૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૦૭૦૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૦૫૩૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૨૭૩૮૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૦૩૯૨ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૦૨૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૮૨૩૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૪૯૧૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૯૨૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૬૬૨૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૫૭૫૬ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો ૪૦૩૧૨ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૪૦૩૧૨ પોઈન્ટના સ્તર અને નીચામાં ૪૦૧૬૨ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૬૦૯ પોઈન્ટ વધી ૪૦૨૬૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૨૨.૭ ઘટી રૂ.૨૮૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧ ઘટી રૂ.૨૧.૦૫ના ભાવે બોલાયો હતો.

સોનું માર્ચ રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૬.૫ ઘટી રૂ.૫૩૮.૫ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૪૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૫ ઘટી રૂ.૮૬૯ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૧ વધી રૂ.૨૭.૫ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૨૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૯ પૈસા વધી રૂ.૭.૧ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૩૦.૯૫ ઘટી રૂ.૨૮૭.૫૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૫ પૈસા ઘટી રૂ.૨૨ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૩.૫ ઘટી રૂ.૬૧૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૮૭૪ વધી રૂ.૯૨૩૯.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૨૯.૭ વધી રૂ.૬૮૨.૯ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૬૫ વધી રૂ.૧૭.૬ના ભાવે બોલાયો હતો.

સોનું માર્ચ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૯ ઘટી રૂ.૭૫૭ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૬૭.૫ ઘટી રૂ.૧૩૧૩.૫ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૮ ઘટી રૂ.૨૩.૬૭ થયો હતો. જસત માર્ચ રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૯૨ પૈસા વધી રૂ.૪.૭ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૨૯.૧૫ વધી રૂ.૬૯૩.૪૫ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૭ વધી રૂ.૨૩.૭૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૦૧ ઘટી રૂ.૩૨૨૭ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૮૪૮.૫ ઘટી રૂ.૫૩૨૫ના ભાવે બોલાયો હતો.

### ઈન્ડિગોની બે ફ્લાઈટે યુ-ટર્ન લેવા પડયા

## અંતિમ સમયે એરસ્પેસ બંધ થતા ભારતીય ફ્લાઈટો અટવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મુંબઈથી લંડન વચ્ચે ચાલતી ઈન્ડિગોની ફ્લાઈટને ઈજિપ્તના કૈરોમાં ડાયવર્ટ કરવી પડી હતી. જેને પગલે ૩૦૦ મુસાફરો કલાકો સુધી એરપોર્ટ પર જ અટવાયેલા રહ્યા હતા. ઈઝરાયેલ-ઈરાન યુદ્ધને કારણે કેટલાક વિસ્તારોમાં એરસ્પેસ ગમે ત્યારે બંધ કરી દેવાય છે જેથી ફ્લાઈટ્સ ડાયવર્ટ કરવી પડી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર લંડનના હીથ્રો એરપોર્ટ પર ૯.૩૩ કલાકે ફ્લાઈટે ઉડાન ભરી હતી, ફ્લાઈટ ભારત આવવા રવાના થઈ હતી. જોકે વચ્ચે રેડ સી પર રૂટ બદલી નાખ્યો હતો, અને કૈરો પહોંચી ગઈ હતી. ફ્લાઈટ પાથ ડેટા મુજબ યુરોપ ફરતે ફ્લાઈટે ટ્રાવેલિંગ કર્યું હતું, રેડ સી પર યુટર્ન મારવામાં આવ્યો હતો પછી ઈજિપ્તના કૈરોમાં લેન્ડિંગ કરાયું હતુ જ્યાં આશરે આઠ કલાક સુધી ફ્લાઈટ પડી રહી હતી.

## સરકારનો મોટો નિર્ણયઃ LPG સિલિન્ડરની જમાખોરી રોકવા કેન્દ્ર સરકારે દેશમાં ESMA લાગુ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન-ઈઝરાયેલ યુદ્ધના કારણે મિડલ ઈસ્ટમાં ઉભી થયેલી પરિસ્થિતિઓની અસર ભારતમાં તેલ-ગેસની સપ્લાય પર પડી રહી છે. દેશમાં ગેસની ભારે અછત સર્જાઈ હોવાનું મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવી રહ્યું છે, જેના કારણે સરકારે કડક નિયમો લાગુ કરી દીધા છે. ઘરગથ્થુ વપરાશના ગેસ સિલિન્ડર તો હજુ મળી રહ્યા છે, પરંતુ કોમર્શિયલ ગેસ સિલિન્ડરની ભારે અછત છે. લોકો ગેસ સિલિન્ડરની જમાખોરી ન કરે અને LPGની સપ્લાયમાં અવરોધ ન આવે તે માટે કેન્દ્ર સરકારે આખા દેશમાં ESMA કાયદો લાગુ કર્યો છે. સરકારે ઘરેલુ રાંધણ ગેસની કોઈ અવરોધ વગર સપ્લાય સુનિશ્ચિત કરવા માટે ESMA કાયદો લાગુ કર્યો છે. ઘરેલુ ગેસ, પેટ્રોલ અને ડીઝલની પુરવઠો લોકોને મળી રહે તે માટે સરકારે સમગ્ર દેશમાં પેટ્રોલિયમ, પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ તથા નેચરલ ગેસ માટે Essential Commodities Ac લાગુ કર્યો છે. સરકારે રિફાઈનરીઓ અને પેટ્રોકેમિકલ યુનિટ્સને LPGનું ઉત્પાદન વધારવાનો પણ આદેશ આપ્યો છે.આવશ્યક સેવા જાળવણી અધિનિયમ એક કાયદો છે, જે કેટલીક સેવાઓની ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે બનાવવામાં આવ્યો છે. આ સેવાઓ લોકોના સામાન્ય જીવન સાથે જોડાયેલી હોય છે અને તેના પર અસર પડવાથી સામાન્ય જનતા પર સીધી અસર પડે છે. તેમાં જાહેર પરિવહન (બસ સેવાઓ), આરોગ્ય સેવાઓ (ડોક્ટર અને હોસ્પિટલ) જેવી સેવાઓનો સમાવેશ થાય છે.પેટ્રોલ અને ગેસનો પુરવઠો કોઈ રોકી શકશે નહીં. સરકાર નક્કી કરશે કે ક્યાં અને કેટલો જથ્થો મોકલવો. દરેક વિસ્તાર અને નાગરિકને સમાન રીતે ઈંધણ મળી રહે તે સુનિશ્ચિત કરવામાં આવશે. જે વેપારીઓ કે એજન્સીઓ નફાખોરી કરવા માટે તેલ કે ગેસનો સ્ટોક કરશે, તેમની સામે ગુનો દાખલ થશે. સરકારે તેલ રિફાઈનરીઓને LPG ઉત્પાદન વધારવાનો આદેશ આપવા માટે 'ESMA' કાયદા હેઠળ ઈમરજન્સી શક્તિઓનો ઉપયોગ કર્યો છે. આનો હેતુ પશ્ચિમ એશિયામાં વધતા સંઘર્ષના કારણે સંભવિત વિક્ષેપોનો સામનો કરવા માટે ઘરેલુ રસોઈ ગેસની ઉપલબ્ધતા વધારવાનો છે.

# ગુજરાતના ૧૭ જિલ્લાઓમાં ઉનાળાની કાળઝાળ ગરમી પરસેવો પડાવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં માર્ચ મહિનાની શરૂઆત થી જ કાળઝાળ ગરમીએ પ્રકોપ દેખાડવાનુ શરૂ કર્યુ છે. હવામાન વિભાગે રાજયના ૧૭ જિલ્લાઓમાં ગંભીર હીટવેવ ની આગાહી સાથે લાલ ચેતવણી જારી કરી છે. ઉત્તર પૂર્વીય સુકા પવનોને કારણે તાપમાનનો પારો ૪૦ ડીગ્રી ને પાર પહોચતા જનજીવન પ્રભાવિત થયુ હતું. અમદાવાદ, રાજકોટ અને નવસારી જેવા શહેરોમાં બપોરના સમયે રોડ રસ્તાઓ સુમસામ જોવા મળી રહ્યા છે. દક્ષિણ ગુજરાતના નવસારીમાં ગરમીએ માજા મુકતા રસ્તા પરનો ડામર પીગળવાની ઘટના બહાર આવી છે. ડામર પીગળતા પદયાત્રીઓના પગરખાં ચોટી જવાથી લોકો મુશ્કેલીમાં મુકાયા હોવાના અહેવાલો પણ પ્રાપ્ત થયા છે. નિષ્ણાંતોના મતે માર્ચના પ્રથમ સપ્તાહમાં જ આટલી પ્રચંડ ગરમી ચિંતાનો વિષય બની રહી છે. જો ગરમીનો પારો આ રીતે વધશે તો એપ્રિલમાં તાપમાન ૪૫ ડીગ્રી સુધી પહોચી શકે છે. હવામાન વિભાગની યાદી મુજબ ૯ થી ૧૫ માર્ચ દરમિયાન ગુજરાતમાં અગનવર્ષા જેવી સ્થિતિ રહેશે.

બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને ગાંધીનગર સહિતના જિલ્લાઓમાં ગરમીનુ જોર સૌથી વધુ જોવા મળશે. સૌરાષ્ટ્ર, રાજકોટ, જામનગર અને કચ્છમાં પણ ગરમીના આકરા મોજાની અસર વર્તાઈ રહી છે. આગામી ૨ થી ૩ દિવસમાં આકરા મોજની અસર વર્તાઈ છે. આગામી ૨ થી ૩ દિવસમાં તાપમાનમાં હજુ ૩ ડીગ્રી સુધીનો વધારો કરવાની પુરેપુરી શકયતા છે. લોકોને વધતી લુહ અને ગરમીથી બચવા આરોગ્ય વિભાગે લોકોને બહાર ન નિકળવા સલાહ આપી છે. શરીરને હાઈડ્રેટ રાખવા માટે સતત પાણી અને પ્રવાહી પીતા રહેવુ અત્યંત જરૂરી બન્યુ છે.




નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com


# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ઓબીસી બેઠકોમાં ૩ ઘણો વધારોઃ રાજકીય ઉથલ પાથલ

## પાલિકા-મહાનગરપાલિકા અને પંચાયતોમાં ૮૮૩ માં થી બેઠકો વધી ૨૪૦૦ થી વધુ થવાનો અંદાજ

પ્રતિનિધિ,ગાંધીનગર

સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં આ વખતે મોટા ફેરફારો જોવા મળી શકે છે. ઓબીસી અનામતનો હિસ્સો ૨૭ ટકા કરતા ૧૪૪ જેટલા જ્ઞાતિઓનુ પ્રતિનિધિત્વ વધારવામાં આવતા રાજકીય પક્ષો માટે ઉમેદવારીનુ ગણિત સંપૂર્ણ બદલાઈ શકે છે.

જેના લીધે રીઝર્વેશન બેઠકો બદલાશે અને ઘણા નવા ચહેરા જોવા મળી શકે છે. નવી સ્થિતિ મુજબ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ઓબીસી ની બેઠકો અગાઉ ૮૮૩ હતી તે વધીને સીધી ૨૪૦૦ થઈ ગઈ છે. એટલે કે ૩ ઘણી બેઠકો વધી ગઈ છે. ગુજરાતમાં આવનારી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણી પહેલા રાજકીય સમીકરણોમાં મોટો ફેરફાર જોવા મળી શકે છે. અન્ય પછાત વર્ગ એટલે કે બક્ષીપંચ માટે અનામતનો હિસ્સો ૧૦ ટકા પરથી વધારીને હવે ૨૭ ટકા કરવામાં આવ્યો છે. જેના કારણે સ્થાનિક રાજકારણમાં ઓબીસી સમાજનુ પ્રભુત્વ વધશે. ઓબીસી અનામત વધતા અનેક બેઠકોનુ રીઝર્વેશન બદલાશે. અને ઘણા વર્તમાન નગરસેવકો માટે ટીકીટ બચાવવી મુશ્કેલ બની શકે છે.

ગુજરાતમાં મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચુંટણીમાં આ વખતે ઓબીસી અનામત રાજકીય સમીકરણો બદલાવી શકે છે. રાજયમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં કુલ અંદાજે ૯૦૫૦ બેઠકો પર આવનાર દિવસોમાં



ચુંટણીઓ યોજાશે. ૨૦૨૧ ની ચુંટણીમાં આમાંથી ૮૮૩ બેઠકો ઓબીસી માટે અનામત હતી. પરંતુ હવે ઓબીસી અનામત ૧૦ ટકા પરથી વધીને ૨૭ ટકા થતા ઓબીસી સમાજના પ્રતિનિધિત્વ માં મોટો વધારો થવાનો છે. ૨૦૨૧ ની સ્થિતિએ રાજયમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં કુલ ૯૦૫૦ બેઠકો માટે ચુંટણી યોજાઈ હતી. જેમાં ૮૮૩ ઓબીસી બેઠકો અનામત માટે હતી. જેમાં હવે વધારો થશે એ અંદાજે ૨૪૦૦ થી વધુ થવાનો અંદાજ છે.

સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં મહાનગરપાલિકા ૧૫, જિલ્લા પંચાયત ૩૨, તાલુકા પંચાયત ૨૩૧ થી વધુ નગરપાલિકા ૮૧ થી વધુ બેઠકો પર ચુંટણી યોજાશે.

ઓબીસી નેતાગીરી વધવા પર કોંગ્રેસના પ્રવકતા નિદત બારોટનુ કહેવુ છે કે અમે વસ્તીના આધારે અનામત આપવાની માંગણી ઘણા સમય પહેલા કરી હતી. ૨૦૨૩ માં સરકાર કાયદો લાવી અને ૨૭ ટકા અનામત કરી છે. સમાજનો વર્ગ જેને રાજકીય ક્ષેત્રે કામ કરવાની તક ઓછી મળતી હતી, વ્યવસ્થા તંત્રમાં ઓછુ સ્થાન મળતુ હતુ તેમને ફાયદો થશે. ઓબીસી સમાજના ૧૪૪ જેટલી જ્ઞાતિઓનુ આનાથી પ્રતિનિધિત્વ વધશે અને સમાજ જીવનમાં આવશે. તો ભાજપના અગ્રણી ઓબીસી મોરચાના પ્રમુખનુ કહેવુ છે કે ભાજપ જાતિ આધારીત રાજનીતી કરતી નથી. નામદાર કોર્ટ દ્વારા ૨૭ ટકા અનામત માટે આદેશ કરવામાં આવ્યા હતા. પાર્ટી અને કાર્યકરોને આનાથી ઓબીસી વર્ગને ફાયદો થશે. પાર્ટીને વરેલા વ્યકિતઓને જયારે જરૂર પડી ત્યાં ટીકીટ આપે છે. ભુતકાળમાં ઓપન બેઠકમાં પણ ઓબીસી ને ટીકીટ આપી હતી.

ઓબીસી અનામત વધતા ગુજરાતની સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં રાજકીય પક્ષો માટે ઉમેદવારીનુ ગણિત સંપૂર્ણ બદલાઈ શકે છે. જેના કારણે આ ચુંટણીમાં ઘણા નવા ચહેરા જોવા મળી શકે છે. અને સ્થાનિક રાજકાણરમાં ઓબીસી સમાજનુ પ્રભુત્વ વધતુ જોવા મળશે.


નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક




RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

## ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ ભાજપ સક્રિયઃ મુખ્યમંત્રી ને અચાનક દિલ્હીનુ તેડુ આવતા મુખ્યમંત્રી પહોચ્યા દિલ્હીઃ નાયબ મુખ્યમંત્રી ને હરીયાણાની જવાબદારી સોંપાતા પહોચ્યા હરીયાણા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો માહોલ ગરમાતો જાય છે ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનાત્મક સ્તરે ગતિવિધિઓ તેજ કરવામાં આવી છે. આ સંદર્ભે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને અચાનક દિલ્હીનુ તેડુ આવતા મુખ્યમંત્રી દિલ્હી પહોચ્યા છે. જયારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી રાજયસભા ચુંટણી માટે કેન્દ્રીય નિરીક્ષક તરીકે હરીયાણા પહોચ્યા છે.

મળતી માહિતી મુજબ દિલ્હીમાં ભાજપના કેન્દ્રીય નેતૃત્વ સાથે સ્થાનિક સ્વરાજયની આવનારી ચુંટણીને લઈને ચર્ચા થવાની શકયતા છે. ચુંટણી પૂર્વે સંગઠનાત્મક તૈયારીઓ, વ્યુહ રચના અને રાજકીય પરીસ્થિતિ અંગે વિચાર વિમર્શ કરવામાં આવશે. તો બીજી તરફ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતીન નવીન દ્વારા રાજય સભા ચુંટણીને ધ્યાનમાં રાખીને વિવિધ રાજયો માટે કેન્દ્રીય નિરીક્ષકોની નિમણુંક કરવામાં આવી છે. આ અંતર્ગત રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને હરીયાણા માટે નિરીક્ષક તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. આ જવાબદારી સાંભળવા તેઓ હરીયાણા પહોચ્યા છે. હરીયાણામાં તેઓ પક્ષના ધારાસભ્યો અને સંગઠનના નેતાઓ સાથે બેઠક કરીને રાજયસભા ચુંટણીને લઈને માર્ગદર્શન આપશે. ચુંટણી પ્રક્રિયા સુચારૂ રીતે પાર પડે અને પક્ષની વ્યુહ રચના અસરકારક રીતે અમલમાં આવે તે માટે કેન્દ્રીય નિરીક્ષકો મહત્વપૂર્ણ ભુમિકા ભજવે છે.



# ખરો વિકાસ કેવો હોય?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આજે આપણી સામે સૌથી મોટો સવાલ છે, ઉદ્યોગીકરણનો. એક ખેતીપ્રધાન સમાજનું ઉદ્યોગીકરણ કઈ રીતે કરવું, કેવી રીતે કરવું? તેને માટે આપણને એકમાત્ર નમૂનો દેખાય છે. યુરોપના દેશોનો. એ બધા દેશોએ અઢારમી ને ઓગણીસમી સદીમાં પોતાના સમાજને ઔધોગિક સમાજમાં જે રીતે પલ્ટી નાંખ્યો,પોતાનો ઔધોગિક વિકાસ જે રીતે કર્યો તે રીતે આપણે પણ આપણો ઔધોગિક વિકાસ કરી નાંખીએ. આ માટે યુરોપના દેશોનો નમૂનો આપણી નજર સામે આવે છે. અને એ જ આદર્શ નમૂનો છે. એમ આપણને લાગે છે.

પરંતુ આ બાબત શાંતિથી વિચારવાની જરૂર છે. શું આ જ એક આદર્શ નમૂનો છે? તે આપણને બંધ બેસતો થાય એવો નમૂનો છે? તે આપણને આજે માફક આવે એવો નમૂનો છે? આ વિશે ગંભીર ચિંતન થવું જોઈએ. આ, જે પરિવર્તન આપણે કરવા માંગીએ છીએ. તે શાંતિથી, સહેલાઈથી, સમાજમાં મોટી ઊથલપાથલ સરજયા વિના તેમજ કોઈ પણ જાતની પ્રગટ કે પ્રચ્છન્ન હિંસક અસરો જન્માવ્યા વિના કેવી રીતે થાય તે વિચારવું જોઈએ.

બહુ લાંબે ગાળે શું થશે તે તો ન કહી શકાય. પરંતુ વાસ્તવિકતા એ છે કે આવી રીતે ઉદ્યોગીકરણ કરવા જતાં વચગાળાના સમયમાં મોટા પ્રમાણમાં બેકારીનો પ્રશ્ન જરૂર ઊભો થાય છે.ઉદ્યોગીકરણને કારણે લોકોના પરંપરાગત ચાલુ કામધંધા ઉપર ભારે અસર થાય છે. તે કામધંધા પડી ભાંગે છે અને લોકો બેકાર બને છે.

કામધંધા વિહોણા થઈ ગયેલા બધા લોકોને નવા ઉદ્યોગો પોતાનામાં સમાવી શકતા નથી. અને તેથી ઘણા લોકોની બેકારીનો બિહામણો પ્રશ્ન ઊભો થાય છે. ઉપરાંત આજે ચાલતા વિજ્ઞાન ટેકનોલોજીના સંશોધનનું સ્વરૂપ પણ બદલવું પડે. આજે તો એ સંશોધનો માત્ર શહેરોને અને મોટા ઉદ્યોગોને જ ધ્યાનમાં રાખીને ચાલુ છે. તેને બદલે એ સંશોધનો એવા હોવા જોઈએ કે આપણે જે રીતનું નવસંસ્કરણ આજના આપણા ગ્રામીણ અર્થતંત્રનું કરવા માંગીએ છીએ. તેમાં તે આપણને મદદરૂપ થાય. આવું જ આજની લોકશાહી વ્યવસ્થા અંગે આપણે બીજી કોઈ ચર્ચા કે વિવાદમાં ન પડીએ. માત્ર વ્યવહારની દ્રષ્ટિએ વિચારીએ. લોકશાહી એટલે લોકોની પોતાની શાસનવ્યવસ્થા અને તે પણ સર્વ લોકોની. સ્વાભાવિક રીતે જ આનો અર્થ એવો કે આર્થિક દ્રષ્ટિએ આ વ્યવસ્થા એવી હોય કે જેમાં સર્વ લોકોનો વિકાસ થાય. સર્વ લોકોનું કલ્યાણ થાય.આ જ તો લોકશાહીનો અસલ મર્મ છે. અસલ હેતુ છે. એટલે લોકશાહી વ્યવસ્થામાં એવી આર્થિક વ્યવસ્થા બિલકુલ ન ચાલે જે કોઈ પણ લોકોનું નુકશાન કરતી હોય. ઉદ્યોગીકરણ કરવા જઈએ ત્યારે પણ એટલું બરાબર ધ્યાનમાં રખાય કે તેનાથી કોઈને પણ ખમવું પડે તો ઓછામાં ઓછું ખમવું પડે તથા માનવીય મૂલ્યોને હાનિ ન પહોંચે એ જ તો લોકશાહીનો પાયાનો સિંધ્ધાંત છે.

## ગુજરાત સહિત સમગ્ર દેશમાં ગેસનું વિતરણ બંધ થઈ શકે છે: હોટલ તથા રેસ્ટોરન્ટ અને ઉદ્યોગો પર પડશે ભારે અસર

પ્રતિનિધિ,ગાંધીનગર

અમેરીકા ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યુ છે. યુદ્ધ ને કારણે મીડલ ઈસ્ટ માં તણાવ વધી ગયો છે. તેની અસરને કારણે વૈશ્વિક સ્તર પર ક્રુડ ઓઈલની કિંમતો ૧૦૦ ડોલર પ્રતિ બેરલને પાર પહોચી ગઈ છે. મુંબઈ, ચેન્નાઈ, હૈદ્રાબાદ અને બેંગલુરૂ જેવા મોટા શહેરોમાં બુકીંગ ગેસ કે એલપીજીના કોર્મશીયલ ઉપભોગકર્તા અને ગુજરાતના મોરબીમાં ટાઈલ્સ અને સિરામિક બનાવનારી ઈન્ડ્રસ્ટ્રીઝને ગેસ ની અછતનો ડર લાગવા લાગ્યો છે.




સરકારે રીફાઈનર અને ફયુલ રીટેલર્સને પહેલા ઘરોમાં ગેસ સીલીન્ડર પહોચાડવા માટે પ્રાથમિકતા આપવાનુ કહ્યુ છે. તેના કારણ હોટલો અને રેસ્ટોરન્ટોને મળનાર ૧૯ કિલોના કોર્મશીયલ સીલીન્ડરોની સપ્લાયમાં કાપ મુકવામાં આવ્યો છે. તેવામાં મોટા શહેરોમાં કોર્મશીયલ ગેસ સીલીન્ડરોની અછત જોવા મળી રહી છે. કોર્મશીયલ એલપીજી સીલીન્ડર ની અચાનક અછતે હોસ્પીટલ સેકટર ને પણ ચિંતામાં મુકી દીધુ છે. મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં રેસ્ટોરન્ટ એસોસીએશને ચેતવણી આપી છે કે જો સપ્લાય યોગ્ય નહી થાય તો થોડા દિવસોમાં ભોજનની દુકાનો બંધ થઈ જશે. ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓનુ કહેવુ છે કે અછતની અસર મુંબઈ અને બેંગાલુરૂમાં જોવા મળી રહી છે. મીડીયા રીપોર્ટસ અનુસાર ઈન્ડીયા હોટલ્સ અને રેસ્ટોરન્ટસ એસોસીએશનના પ્રમુખ વિજય શેટ્ટીએ કહ્યુ હતુ કે અછત ઝડપથી ફેલાઈ રહી છે અને જલ્દી આ સેકટર ઠપ થઈ શકે છે.

જો આ અછત યથાવત રહી તો આગામી બે દિવસમાં મુંબઈના બધા રેસ્ટોરન્ટસ બંધ કરી દેવામાં આવશે. વધુમાં તેમણે કહ્યુ કે એસોસીએશને કેન્દ્રીય પેટ્રોલીયમ મંત્રી હરદીપસિંહ પુરીને પત્ર લખ્યો છે અને મહારાષ્ટ્રના સીવીલ સપ્લાય મંત્રી છગન ભુજબલ ના સંપર્કમાં પણ છે. રેસ્ટોરન્ટ માલીકોનુ કહેવુ છે કે રવિવાર થી કોર્મશીયલ એલપીજી સપ્લાયમાં ઘટાડો થયો છે. જયારે ઘરેલુ સીલીન્ડરોની ડીલીવરી બુકીંગ બાદ ૨ થી ૮ દિવસમાં થઈ રહી છે.

ગુજરાતમાં પણ તેની અસર થઈ રહી છે. ગેસ સીલીન્ડરમાં અછતની અસર ગુજરાતમાં પણ થઈ શકે છે. ગુજરાતના મોટા શહેરોમાં હોટલ રેસ્ટોરન્ટો પર તેની અસર થઈ શકે છે. આ સિવાય મોરબીના સિરામિક અને ટાઈલ્સ ઉદ્યોગ પર તેની મોટી અસર થઈ શકે છે. જો ગેસની સપ્લાયમાં અછત યથાવત રહી તો ઘણા ઉદ્યોગો બંધ થઈ શકે છે. ગુજરાતમાં અનેક ઉદ્યોગો એવા છે જેને રોજેરોજ ગેસની જરૂર પડે છે. તેવામાં આ સંકટ આર્થિક નુકશાન કરાવી શકે છે.

## રાજય સરકારની ૫૦૦થી વધુ એમ્બ્યુલન્સ ખાનગી એજન્સીને સોંપવા કરાયો આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયની જિલ્લા હોસ્પીટલો, સબ ડીસ્ટ્રીકટ હોસ્પીટલો, મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પીટલો, કોમ્યુનીટી હેલ્થ સેન્ટર, પ્રાઈમરી હેલ્થ સેન્ટર ખાતેની કુલ ૫૮૬ એમ્બ્યુલન્સ વાન અમદાવાદ સ્થિત એએમઆરઆઈ ગ્રીન હેલ્થ સર્વિસ નામની એજન્સીને સોંપવાનો સરકારે આદેશ કર્યો છે.



રાજય સરકારે કઈ હોસ્પીટલ અથવા તો કેન્દ્રમાં ૫૮૬ એમ્બ્યુલન્સ પડી છે તેનુ એક અલગથી લીસ્ટ જે તે સંસ્થાને મોકલી આપ્યુ છે. અને આ તમામ એમ્બ્યુલન્સ હવેથી ૧૦૮ ની સેવા સંભાળતી ખાનગી એજન્સીને સોંપવાની સુચના આપવામાં આવી છે. ગુજરાત સરકાર ના આરોગ્ય વિભાગના તબીબી સેવાના અધિક નિયામક દ્વારા આ સંદર્ભે એક પરીપત્ર કરવામાં આવ્યો છે. અને તેમાં જણાવ્યુ છે કે સરકારી આ તમામ એમ્બ્યુલન્સ ગ્રીન હેલ્થ સર્વિસ ને સોંપવા માટે આદેશ કરવામાં આવ્યો હતો. પરંતુ હજુ સુધી તેની અમલવારી થઈ નથી. હવે આ તમામ ૫૮૬ એમ્બ્યુલન્સ ગ્રીન હેલ્થ સર્વિસ ને સોંપવાની રહેશે અને જયારે કબ્જો આપવામાં આવે ત્યારે લેખિતમાં પ્રક્રિયા કરવાની રહેશે. આ પ્રક્રિયા વખતે એમ્બ્યુલન્સ માં હાલના ઉપલબ્ધ સંશાધનો, એસેસરીઝ, સ્પેરવ્હીલ વગેરેની વિગતો પુરી પાડવાની રહેશે અને લેવડ દેવડ વખતે જરૂરી હેન્ડ ઓવરની કાર્યવાહી કરી બંને પક્ષોએ આવી યાદી પર પોતાના હસ્તાક્ષર કરવાના રહેશે. જયારે એમ્બ્યુલન્સ ખાનગી સંસ્થાને સોંપવામાં આવે ત્યારે તેની આરસી બુક , ઈન્સ્યોરન્સ પોલીસી, પીયુસી , એમ્બ્યુલન્સ ખરીદી બીલ અને જરૂરી કાગળો પણ આપવાના રહેશે. ઝેરોક્ષ નકલ જે તે સંસ્થાએ પોતાની પાસે રાખવાની રહેશે.

ગુજરાત સરકારે વહિવટી મંજુરીની શરતો બાબતના નિયમો નકકી કર્યા છે. તે મુજબ જે હેતુ માટે મંજુરી આપવામાં આવી હોય તે હેતુ માટે જ ઉપયોગ થઈ શકશે. પરંતુ આ કિસ્સામાં ધારાસભ્યો અને સંસદસભ્યો ની ગ્રાન્ટમાંથી તરફથી મળેલી અને જે તે હોસ્પીટલને ફાળવવામાં આવેલી એમ્બ્યુલન્સ હવે ખાનગી એજન્સીના હવાલે કરી દેવામાં આવશે. આયોજન મંડળની ગ્રાન્ટમાંથી કે સીએસઆર ફંડમાંથી કે અન્ય કોઈ પ્રકારના સ્ત્રોત મારફતે મળેલી એમ્બ્યુલન્સ પણ ગ્રીન હેલ્થ સર્વિસને સોંપી દેવાનો સરકારે આદેશ કર્યો છે. આ તમામ એમ્બ્યુલન્સ ૧૦૮ સેવા સાથે ઈન્ટીગ્રેટેડ થયા પછી આવી એમ્બ્યુલન્સ વાહનોના હાલનુ પાર્કિંગ અને સેલ્ટરમાં જ રાખવાની રહેશે. જયારે દર્દી ને અન્ય જગ્યાએ રીફર કરવા એમ્બ્યુલન્સ ઉપયોગ કરવાની જરૂરીયાત ઉભી થાય ત્યારે ૧૦૮ નંબર ડાયલ કરીને તે મંગાવવાની રહેશે.

## સોનિયા ગાંધી પર ટીપ્પણી કરતા કોંગ્રેસના ધારાસભ્યએ જીતુ વાઘાણીને આપી ધમકીઃ લીમીટ માં રહોઃ સોનિયા ગાંધી ઈમ્પોર્ટ થયેલા નેતા છે

પ્રતિનિધિ,ગાંધીનગર

વિધાનસભા ગૃહમાં આજે મંગળવારે રસાકસીભર્યો માહોલ જોવા મળ્યો હતો. પહેલા ટી-૨૦ મેચ ની ટીકીટનો મુદ્દો અને પછી જીતુ વાઘાણીની સોનિયા ગાંધી પર ટીપ્પણી ને લઈ વિવાદ સર્જાયો હતો. ગુજરાત સરકારના મંત્રી જીતુ વાઘાણીએ કોંગ્રેસના નેતા સોનિયા ગાંધી પર શાબ્દિક પ્રહાર કરતા કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે મંત્રી જીતુ વાઘાણીને લીમીટ માં રહેવાની ધમકી આપી હતી. આજે મંગળવારે ધારાસભ્ય અરવિંદ પટેલે ફાઈનલની ટીકીટ ન મળી હોવાની વ્યથા વ્યકત કરી હતી. તો આ મુદ્દે કટાક્ષ કરતા આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલીયા બોલ્યા હતા કે પ્રજાના પ્રશ્નોની જગ્યાએ ટીકીટ ની વાત થાય છે. તો આ થોડીવાર બાદ મંત્રી જીતુ વાઘાણીએ માંગણીઓ પર ચર્ચા કરતા કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યુ હતુ કે સાતમી વખત વિધાનસભા જીત્યા છીએ અને આઠમી વખતે પણ




અમે જ જીતીશુ, વિકાસ માટે એકસપોર્ટ કરવુ પડે એ કોંગ્રેસને ના ખબર પડે, કોંગ્રેસના નેતા ઈમ્પોર્ટ થઈને આવ્યા છે. સ્વદેશી નેતા નરેન્દ્ર મોદી જોઈએ, સોનિયા ગાંધી ઈમ્પોર્ટ થયેલા નેતા છે તો કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે મંત્રી જીતુ વાઘાણીને આ નિવેદનના જવાબમાં લીમીટમાં રહો તેવુ સંભળાવી દીધુ હતું. માંગણીઓ પરની ચર્ચા દરમિયાન શૈલેષ પરમારે કૃષિ મંત્રી જીતુ વાઘાણીને કહ્યુ કે લીમીટમાં રહો, લીમીટ માં નહી રહો તો મારે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કરવો પડશે. હું પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીશ તો બધુ રેકોર્ડ પર નોંધાશે. ઉલ્લેખનીય છે કે જીતુ વાઘાણી વારંવાર સોનિયા ગાંધીનુ નામ લઈને કટાક્ષ કરતા હતા. વિદેશી અને સોનિયા ગાંધીનુ નામ લેતા શૈલેષ પરમારે તેઓને શાબ્દિક ધમકી આપી હતી. તો જીતુ વાઘાણી આટલે થી અટકયા ન હતા. વિધાનસભામાં માંગણીઓ પર ચર્ચા દરમિયાન મંત્રી જીતુ વાઘાણીએ જવાબ રજુ કરતા આગળ કહ્યુ હતુ કે યુવાનોને ભુતકાળમાં ઘણુ કરવુ હતુ પણ સુવિધા ન હતી, તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મહત્વના વિભાગો તરફ ધ્યાન કેન્દ્રીત કર્યુ હતું. વર્તમાન બજેટમાં ઐતિહાસિક જોગવાઈઓ સરકારે કરી છે. સનાતન ધર્મના મંદીરોના વિકાસ માટે ૧ હજાર કરોડ રૂપીયા ફાળવ્યા છે. લઘુમતિ સમાજના રાજકારણ માટે દરગાહ ની વિકાસની વાત મુકી છે. મતોના રાજકારણ માટે વાત કોંગ્રેસ મુકી રહી છે. સનાતન ધર્મ માટે ખુલીને બોલતા નથી. ભારતની જીત થાય અને ક્રિકેટ ટીમની ટી શર્ટ પહેરવાની સાચા દેશભકત ન થવાય, દેશભકિત હૃદયમાં હોવી જોઈએ.

મહત્વનુ છે કે ગઈ કાલે ઈમરાન ખેડાવાલા ટીમ ઈન્ડીયાની ટી શર્ટ પહેરીને વિધાનસભા ગૃહમાં આવ્યા હતા. ટી -૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં ભારતની જીત થતા તેઓ ટીમ ઈન્ડીયાની જીતની ખુશીમાં ટી શર્ટ પહેરીને ગૃહમાં પહોચ્યા હતા. ત્યારે આ મુદ્દાને ટાંકીને કોંગ્રેસ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા પર મંત્રી જીતુ વાઘાણીએ પ્રહાર કર્યો હતો અને કહ્યુ હતુ કે ભારતની જીત થાય અને ક્રિકેટ ટીમની ટી શર્ટ પહેરવાની સાચા દેશભકત ન થવાય. દેશભકિત હૃદયમાં હોવી જોઈએ.

### પીનારાઓ પકડાય છે, દારૂ વેચનાર કેમ નહીં? : ગોપાલ ઈટાલિયા

## ૩૨,૪૬૪ લોકો દારૂ પીતા પકડાયા, પરંતુ વેચનાર કોણ?, ગોપાલ ઈટાલિયાનો સરકારને સવાલ

### સરકારે ગોળગોળ જલેબી જેવો જવાબ આપ્યો, મૂળ પ્રશ્ન ટાળ્યો : ગોપાલ ઈટાલિયા

અમદાવાદ/જૂનાગઢ/

વિધાનસભામાં પ્રશ્નોત્તરી મુદ્દે મીડિયા સાથે વાત કરતાં આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે ગઈ કાલે, ૯ માર્ચ ૨૦૨૬ના દિવસે, વિધાનસભામાં મારો એક પ્રશ્ન હતો, ક્રમાંક ૨૫. તે અત્યંત મહત્વનો અને આવશ્યક મુદ્દો હતો, પરંતુ સરકારે મને તેનો વાસ્તવિક જવાબ આપવાના બદલે ગોળગોળ જલેબી જેવો જવાબ આપ્યો. મારો ચોક્કસ પ્રશ્ન એવો હતો કે વડોદરા અને અમદાવાદમાં દારૂ પીધેલી હાલતમાં કેટલા લોકો પોલીસના ચોપડે પકડાયા, કેટલા લોકો સામે દારૂ પીવાના ગુના હેઠળ એફઆઈઆર નોંધાઈ, અને જેટલી એફઆઈઆર દારૂ પીવાની નોંધાઈ છે તેની સામે દારૂ વેચવાની કેટલી એફઆઈઆર નોંધાઈ? સીધો પ્રશ્ન છે કે જે માણસ દારૂ પીવે છે તેની પાસે બે જ રસ્તા હોય છે, તે ઘરે બનાવીને પીવે અથવા બજારમાંથી ખરીદી કરે. સરકારે મને આપેલા આંકડા મુજબ ૩૨,૪૬૪ લોકો દારૂ પીતા પકડાયા છે. હવે પ્રશ્ન એ છે કે આ ૩૨,૪૬૪ લોકોએ કોઈ જગ્યાએથી દારૂ ખરીદ્યો હશે. તો સામે એટલા જ દારૂ વેચનારા કેમ પકડાતા નથી?

ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતુ કે મારો સીધો સવાલ એવો હતો કે ૩૨,૪૬૪ લોકો પીતા પકડાયા, તો આ લોકોને દારૂ વેચનાર કોણ છે? ગુજરાતમાં તેઓ ક્યારેય પકડાતા કેમ નથી? ઘણી વખત મોટા ફાર્મહાઉસમાં જઈને દારૂ પીતા લોકો પકડાય છે, તેની રીલ્સ બનાવવામાં આવે છે અને જાહેર કરવામાં આવે છે, પરંતુ દારૂ વેચનાર ક્યાં છે? જેટલા પીનારા હોય છે એટલા વેચનારા પણ હોવા જ જોઈએ, કારણ કે દરેક માણસ કોઈને કોઈ પાસેથી દારૂ ખરીદીને જ પીવે છે. છતાં સરકાર દારૂ વેચનારાઓની તપાસ કરતી નથી. માત્ર દારૂ પીતા કોઈ પકડાઈ જાય તો તેને પકડીને તમાશો કરવામાં આવે છે અને રીલ્સ બનાવી વાહવાહી લૂંટવામાં આવે છે. મારા પ્રશ્નનો વિધાનસભામાં જવાબ આપવા સરકાર તૈયાર નથી કે આ ૩૨,૪૬૪ લોકોએ દારૂ ક્યાંથી ખરીદ્યો, કોની પાસેથી લીધો, ક્યારે લીધો તેની તપાસ કેમ કરવામાં આવતી નથી. જો યોગ્ય તપાસ થાય તો દારૂ પીતા અને દારૂ વેચતા બંને મળીને ૬૦ હજાર કરતા વધુ લોકો સામે કાર્યવાહી થવી જોઈએ. આ પરિસ્થિતિ એ દર્શાવે છે કે દારૂ વેચનારાઓના હપ્તા કદાચ ઊંચા સ્તર સુધી પહોંચતા હશે અને પીનારાઓ સામે જ કાર્યવાહી કરવામાં આવે છે. તેથી અમે સરકારનું ધ્યાન દોરીએ છીએ કે કાયદા મુજબ સમાન અને યોગ્ય કાર્યવાહી થવી જોઈએ.

### દારૂબંધીની પોલ ખોલનાર મહિલા ડૉક્ટર સામે ખોટો કેસઃ ગોપાલ ઈટાલિયા

## AAP આગેવાન ડૉ. કાયનતબેન અન્સારીની ધરપકડ સામે કડક વિરોધ : ગોપાલ ઈટાલિયા

### એટ્રોસિટી કાયદાનો દુરુપયોગ કરવામાં આવ્યો, ડૉ. કાયનતબેન અન્સારીને ન્યાય મળવો જોઈએ : ગોપાલ ઈટાલિયા

અમદાવાદ/કચ્છ/ગાંધીનગર/

આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે અમારા કચ્છ જિલ્લાના આમ આદમી પાર્ટીના મહિલા આગેવાન ડૉ. કાયનાતબેન અન્સારી ઘણા સમયથી આમ આદમી પાર્ટી સાથે જોડાઈને લોકોની સેવા કરી રહ્યા છે. એક મહિલા હોવાની સાથે તેઓ પ્રતિષ્ઠિત ડોકટર છે, પોતાનું હોસ્પિટલ ધરાવે છે અને સારી આવક પણ ધરાવે છે. તેમ છતાં તેઓ આમ આદમી પાર્ટી સાથે જોડાઈને સમાજના છેવાડાના માણસ માટે કામ કરી રહ્યા છે અને તેમના પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. થોડા દિવસો પહેલાં તેમણે દારૂબંધીના પોકળ દાવાઓને બહાર લાવવા માટે “જનતા રેડ” કરી હતી. મોબાઈલ દ્વારા ફેસબુક લાઈવ કરીને તેમણે દારૂબંધીના દાવાઓની પોલ ખોલવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાથી ભાજપ સરકાર મુશ્કેલીમાં આવી ગઈ હોવાનું તેઓએ જણાવ્યું. તેમણે વધુમાં કહ્યું કે એક મહિલાની સામે ખોટી ફરિયાદ ઉભી કરવામાં આવી છે. એટ્રોસિટીનો ખોટો કેસ દાખલ કરીને કાલે રાત્રે તેમની ધરપકડ કરવામાં આવી હતી. ભાજપના નેતાઓ વિધાનસભામાં મહિલાઓની સુરક્ષા અને સન્માન અંગે મોટી મોટી વાતો કરે છે, પરંતુ એક મહિલાની અડધી રાત્રે ધરપકડ કરવામાં તેમને શરમ કે લાજ પણ નથી આવી.

ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું કે જે વ્યક્તિ દારૂબંધી માટે જનતા રેડ કરે છે તેને વિધાનસભામાં બોલાવીને ગૃહમંત્રીના હાથે સન્માન આપવું જોઈએ. સરકાર જે કામ નથી કરી શકતી તે કામ જનતાએ કર્યું છે. પરંતુ દારૂબંધીની પોલ ખુલ્લી ન પડી જાય તે માટે જનતા રેડ કરનાર લોકો સામે એટ્રોસિટીનો કેસ કરવામાં આવ્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે દલિત સમાજની એક બહેનને હાથો બનાવી ફરિયાદ કરાવવામાં આવી અને તાત્કાલિક એફઆઈઆર દાખલ કરીને ધરપકડ કરવામાં આવી. જ્યારે દલિત સમાજ પર થયેલી જૂની ઘટનાઓમાં હજુ સુધી ન્યાય મળ્યો નથી. ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું કે આ ઘટનામાં એટ્રોસિટી કાયદાનો દુરુપયોગ કરવામાં આવ્યો છે. મહિલા દિવસના બીજા જ દિવસે બાદ ભાજપ સરકારે આ કાર્યવાહી કરીને પોતાની વાસ્તવિકતા બતાવી છે. આમ આદમી પાર્ટી આ ઘટનાનો કડક વિરોધ કરશે અને ડૉ. કાયનતબેન અન્સારીને સંપૂર્ણ સમર્થન આપશે. પાર્ટીની ટીમ સાથે મળીને આવનારા દિવસોમાં આ મુદ્દે કાર્યક્રમો પણ કરવામાં આવશે.

## સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ભાજપ યુવા ઉમેદવારોને સૌથી વધુ ટીકીટ આપશે

### ૬૦ વર્ષથી વધુ વયના નેતાઓને ટીકીટ મળવાની શકયતા ઓછીઃ ૩ ટર્મ થી વધુ ટર્મ ધરાવતા કાઉન્સિલરોને પણ ટીકીટ મળશે નહી

પ્રતિનિધિ,ગાંધીનગર

આગામી સમયમાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ યોજાશે. ચુંટણીપંચ અને સરકાર દ્વારા આ માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રાજયમાં નવી નિમાયેલી મહાનગરપાલિકાઓમાં પણ આ વખતે ચુંટણી યોજાશે. ત્યારે ભાજપે આ ચુંટણીને લઈને મહત્વનો નિર્ણય લીધો છે.

ભાજપ આ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં યુવાઓને વધુ ટીકીટ આપશે. તો બીજી તરફ ૩ ટર્મ થી ચુંટણી લડતા ઉમેદવારોને ટીકીટ નહી આપવાનો નિર્ણય ચાલુ રાખવામાં આવશે. આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ભાજપ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વખતે ભાજપ યુવાનોને વધારે પ્રમાણમાં ટીકીટ આપશે. ૩ ટર્મ થી વધુ સમય ચુંટણી લડયા હોય તેવા અને ૬૦ વરસથી વધુ વયના નેતાઓને ટીકીટ આપવામાં નહી આવે, આ નિર્ણયના કારણે અનેક જુના જોગીઓના પત્તા કપાઈ શકે છે. તેમને હવે ભાજપના ધારાધોરણો અનુસાર ટીકીટ નહી મળી શકે. અમદાવાદની વાત કરીએ તો વર્તમાન ૩૨ કોર્પોરેટરોને આ વખતે ટીકીટ નહી મળવાની શકયતાઓ છે. અમદાવાદ મહાનગર પાલિકામાં ૩ ટર્મ થી ઉપરના અથવા તો ૬૦ વરસથી વધુના ૩૨ કાઉન્સિલરો છે. થોડા સમય બાદ સંગઠન ચુંટણીલક્ષી કામગીરી કરશે. સામે કોંગ્રેસે પણ યુવાનો પર મદાર રાખવાનુ ચાલુ કર્યુ છે. પક્ષ દ્વારા પાર્ટીના કાર્યક્રમોમાં સક્રિય રહેનારા કાર્યકરોને ટીકીટ આપશે. સમીકરણ બદલાયા બાદ



પરીવારમાંથી પણ ટીકીટ આપવામાં આવશે. કોંગ્રેસ અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આયાતી ઉમેદવારને ઉતારી શકે છે.

**પશ્ચિમ રેલ્વે**

મટીરીયલ મેનેજમેન્ટ વિભાગ

વિવિધ સામગ્રી પુરવઠો

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર સૂચના નંબર. S/12/2026 તારીખ 06.03.2026

| ક્ર.નં. | ટેન્ડર નંબર | વસ્તુઓનું ટૂંકું વર્ણન | જથ્થો | ટી.ઓ.ડી. |
|---|---|---|---|---|
| 80 | 10251043 | RCF Drg. No. LW-71245 Alt 'd' ને અનુરૂપ સંપૂર્ણ અર્થિંગ કેબલ | 6777 નંગ | 06-એપ્રિલ-26 |
| 81 | 27245038C | 5 વર્ષના AMC સાથે બેટરી સંચાલિત રેલ ચેમ્ફરિંગ મશીન | 172 નંગ | 03-એપ્રિલ-26 |

વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in અને wr.indianrailways.gov.in ની મુલાકાત લો. 1198

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

સુધારણા અને કમિશનિંગ કાર્ય

પશ્ચિમ રેલ્વેના નાયબ મુખ્ય વિદ્યુત ઇજનેર (બાંધકામ) DRMની ઓફિસ, એનેક્સ બિલ્ડીંગ ત્રીજો માળ, દો-બત્તી રતલામ (M.P.) 457-001, ટેન્ડર સૂચના નં. EL-C-RTM-2025-08-RT ને આમંત્રણ આપે છે. કાર્યનું નામ:રોહલ ખુર્દ-ભાટીસુડા અને નાઈખેરી-ચિંતામન સ્ટેશન વચ્ચે ઉજ્જૈન બાયપાસ લાઇન વચ્ચે નાગદા બાયપાસ લાઇનના સંદર્ભમાં HT અને LT ઇલેક્ટ્રિકલ ક્રોસિંગ/લાઇન ઉલ્લંઘનમાં ફેરફાર અને કમિશનિંગ. અંદાજિત કિંમત: ₹4,71,25,495/-. બિડ ડિપોઝિટ: ₹ 3,85,600/-. ઓનલાઈન બિડિંગ શરૂ થવાની તા. 11.03.2026. ટેન્ડર બંધ થવાની તા. 25.03.2026 ના રોજ 15:00 કલાકે. વેબસાઇટ વિગતો: www.ireps.gov.in 1207

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# જો વહીવટ સુધારવો હોય તો નવી સિવિલ હોસ્પિટલ સુરતમાં વર્ષોથી ખાઈબદેલા ડો. કેતન નાયક જેવા અધિકારીઓને બદલો

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત ની નવી સિવિલ હોસ્પિટલ મજુરાગેટ પાસે આવેલી છે. આ હોસ્પિટલમાં સમગ્ર દક્ષિણ ગુજરાત અને એને અડીને આવેલ ભરુચ, નવસારી, વલસાડ, આહવા, ડાંગ, રાજપીપળા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર જેવા વિસ્તારોમાંથી રોજના અનેક ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ સારવાર મેળવવા માટે આવતા હોય છે. આ હોસ્પિટલના સારવાર આપતા તબીબી અધિકારીઓ સારી સેવા બજાવી રહયા છે. અને દર્દીઓ સાજા થાય છે.

પરંતુ હોસ્પિટલનો વહીવટ કરતાં **RMO**, સુપ્રિટેન્ડન્ટ અને મેડિકલ સ્ટોર અને જનરલ વહીવટ સંભાળતા અધિકારીઓ સંપૂર્ણ પણે નિષ્ફળ ગયા છે. અને હોસ્પિટલ ના સ્ટોરમાં સ્ટ્રેચર,વ્હીલચેર અને ગાદલાં ચાદર ના પૂરતો સ્ટોક હોવા છતાં દર્દીઓ આ સુવિધાઓથી વંછિત રહે છે.અને દર્દીઓએ ગંધાતા ગાદલાં, ચાદરો પર સૂવું પડે છે. દર્દીના સગાઓએ દર્દીઓને જાતે ઊંચકીને લઈ જવા પડે છે કે જાતે સ્ટ્રેચર કે વ્હીલચેર ખેંચવા પડે છે.

કોન્ટ્રાકટર ધ્વારા કર્મચારીઓ ખોટી હાજરી પૂરી દર્દીઓને સારવારથી વંછિત રાખવામા આવે છે. હોસ્પિટલના મુખ્યગેટ પાસે આવેલ છાંયડામાં દવા માટે લાંબી લાઈનો લાગે છે. અને હોસ્પિટલનું દવાનું બજેટ કયાં ખર્ચાય છે? એની કોઈ જાણકારી કોઈને હોતી નથી.

મોટાભાગના ડોકટરો છાંયડામાંથી દવા મળી શકે એવી દવાઓ જ લખતા હોય છે. પહેલા સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારની સારવાર અને ટેસ્ટ ફ્રી ઓફ ચાર્જમાં થતાં હતા. હવે શાસન બદલાતા ગરીબ દર્દીઓને દવાથી વંછિત રહેવું પડે છે. વોર્ડમાં દાખલ થતાં દર્દીઓએ જે રીતે ખાનગી હોસ્પિટલમાં દાખલ થઈ ને બહારથી દવા ખરીદવી પડે છે. એવા હાલ સુરત નવી સિવિલ હોસ્પિટલના થયા છે. જ્યારે લાગવગીયા દર્દીઓ ને રોગી કલ્યાણ સમીતી ધ્વારા દવા ખરીદી પૂરી પાડવામાં આવે છે. કેસ પેપરના તેમજ તમામ રિપોર્ટના એકસ-રે, સોનોગ્રાફી, સીટી સ્કેન,લેબોરેટરી વિગેરે ટેસ્ટના ચાર્જ વસૂલ કરવામાં આવે છે. અને આ નાણાં રોગી કલ્યાણ સમીતીમાં જમા થાય છે. અને તેનો વહીવટ મનફાવે એમ કરવામાં આવે છે. કારણકે રોગી કલ્યાણ સમિતિની આવકનું કોઈ ઓડિટ થતું નથી. અને ખાનગી ઓડિટરો ધ્વારા રિપોર્ટ કઢાવી લેવામાં આવે છે. છેલ્લા ત્રીસેક વર્ષથી નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે ડો.કેતન નાયક મેડિકલ ઓફિસર તરીકે જોડાયેલા અને મોટા ભાગનો સમય તેમણે મેડિકલ સ્ટોરમાં વિતાવેલો છે. હાલ તેઓ ઈર્ં તરીકે ફરજ બજાવે છે. અને સુરતની નવી સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ની કોઈ કાયમી ધોરણે નિમણુંક થઈ નથી તેથી ડો. નાયક સર્વેસર્વા તરીકે વર્તીને એક હથ્થું શાસન ચલાવી રહ્યા છે. ડો. નાયક કોની મહેરબાનીથી ૩૦ વર્ષ કરતાં વધુ સમયથી એકધારી ફરજ બજાવી રહ્યા છે? સરકારમાં સામાન્ય રીતે ત્રણ વર્ષે અધિકારીઓ બદલાતા હોય છે ત્યારે આ નિયમ ડો.નાયકને કેમ લાગુ નથી પડતાં?

આરોગ્ય ખાતાના નિયામક ડોકટરોની નિમણુંક અને બદલી કરતાં હોય છે તેઓના ડો. કેતન નાયક ઉપર ચાર હાથ હોય એ પાછળ કયા પરિબળો જવાબદાર છે ?

# ગુજરાતમાં ધમકીભર્યા ઈમેઈલથી ફફડાટ: દાહોદ બાદ ફરી એકવાર રાજકોટ, જુનાગઢ અને ભાવનગરની સરકારી કચેરીઓ નિશાના પર




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ફરી એકવાર સરકારી કચેરીઓને બોમ્બ થી ઉડાવી દેવાની ધમકી મળતા તંત્ર હરકતમાં આવ્યુ છે. આજે મંગળવારે સવારે રાજકોટની પાસપોર્ટ ઓફીસ, જુનાગઢ ની ગાંધીગ્રામ પોસ્ટ ઓફીસ અને ભાવનગર ની હેડ પોસ્ટ ઓફીસને ટાર્ગેટ કરતા ધમકીભર્યા ઈમેઈલ મળ્યા હતા. રાજકોટ પોલીસ કંટ્રોલ રૂમને આજે બપોરે ૧૨ વાગે સંદેશ મળ્યો હતો કે હેડ પોસ્ટ ઓફીસ અને પાસપોર્ટ ઓફીસમાં બપોરે ૧૨:૧૫ કલાકે બોમ્બ બ્લાસ્ટ થવાના છે. આ ગંભીર સુચના મળતા જ એસીપી બી જે ચૌધરી સહિત પોલીસ ટીમો, એસઓજી તેમજ ક્રાઈમ બ્રાન્ચ અને બોમ્બ / ડોગ સ્કવોડનો કાફલો ઘટનાસ્થળે પહોચી ગયો હતો. સાવચેતીના ભાગરૂપે તાત્કાલીક રાજકોટ ની હેડ પોસ્ટ ઓફીસમાં પાસપોર્ટ ઓફીસ ખાલી કરાવી તમામ કર્મચારીઓ અને ગ્રાહકોને સુરક્ષિત બહાર ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ પોલીસ અને સુરક્ષા એજન્સીઓએ તાબડતોબ સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. જો કે પોલીસ તપાસ બાદ કોઈપણ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હતી. આ મામલે રાજકોટ એસીપી બી જે ચૌધરીએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે તમામ કચેરીઓની જીણવટભરી તપાસ બાદ કસુ વાંધાજનક મળી આવ્યુ નથી. હવે આ ધમકીભર્યો ઈમેઈલ કયાંથી અને કોણે મોકલ્યો છે તે જાણવા માટે સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ટેકનીકલ તપાસ શરૂ કરવામાં આવી છે.

## ગુજરાત સરકારનો ગેસ પુરવઠાને લઈ મહત્વનો નિર્ણય:

# દરેક ઘરમાં ચુલા સળગશે પણ ઉદ્યોગો અને દુધ / ફર્ટીલાઈઝર પ્લાન્ટમાં મુકાશે ગેસ કાપ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ઈરાન ઈઝરાયેલ યુદ્ધની અસરો હવે ભારતના રસોડા સુધી પહોચવા લાગી છે. વૈશ્વિક સ્તરે ગેસના પુરવઠામાં અવરોધ આવવાની આશંકા વચ્ચે ગુજરાતના ઉર્જા મંત્રી ઋષીકેશ પટેલે મોટી હૈયાધારણા આપી હતી. મંત્રીએ સ્પષ્ટ કહ્યુ હતુ કે સરકારની પ્રાથમિકતા સામાન્ય નાગરીકના ઘરનો ચુલો સળગતો રાખવાની છે. જેના માટે ઉદ્યોગોના ગેસ પુરવઠામાં કાપ મુકવામાં આવ્યો છે. ઘરેલુ રાંધણગેસ નો પુરવઠો નિયમિત રીતે જળવાઈ રહે તે માટે સરકારે અન્ય સેકટરમાં ગેસ કાપ મુકવાનો મહત્વનો નિર્ણય લીધો છે.જે મુજબ ઉદ્યોગોના ઈન્ડસ્ટ્રીયલ ગેસ પુરવઠામાં ૫૦ ટકા નો મોટો કાપ ઝીંકવામાં આવ્યો છે. આ ઉપરાંત ફર્ટીલાઈઝર (ખાતર) અને દુધના પ્લાન્ટ માટે પણ ગેસના પુરવઠામાં ૪૦ ટકાનો કાપ મુકાયો છે. જો કે આ સ્થિતિ વચ્ચે વેપારીઓને મળતા કોર્મશીયલ સીલીન્ડરનો પુરવઠો યથાવત રાખવા માટે સરકાર દ્વારા પુરતા પ્રયાસો કરવામાં આવશે.

કેન્દ્ર સરકારે ગેસ નો સંગ્રહ અટકાવવા માટે સીલીન્ડર બુકીંગના વેઈટીંગ પીરીયડમાં વધારો કરી દીધો છે. નવા નિયમ મુજબ હવે એક સીલીન્ડર બુક કર્યા પછી બીજો સીલીન્ડર ૨૫ દિવસ પછી જ બુક કરી શકાશે, અગાઉ આ મર્યાદા ૨૧ દિવસની રાખવામાં આવી હતી. આ મહત્વપૂર્વ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે. જેથી જરૂરી ન હોવા છતાં લોકો ગેસનો બિનજરૂરી સ્ટોક ન કરે અને ખરેખર જરૂરીયાતમંદ નાગરીકોને નિયમિતપણે ગેસનો પુરવઠો મળી રહે. યુદ્ધની અસરો વચ્ચે ૭ માર્ચ થી ગેસના ભાવમાં મોટો વધારો ઝીંકાયો છે. ઘરેલુ સીલીન્ડર ૧૪.૨ કેજી ના ભાવમાં રૂપીયા ૬૦ નો વધારો થતા હવે દિલ્હીમાં તેનો નવો ભાવ રૂપીયા ૯૧૩ થઈ ગયો છે. આ ઉપરાંત કોર્મશીયલ સીલીન્ડર ૧૯ કેજી ના ભાવમાં પણ રૂપીયા ૧૧૫ નો તોતીંગ વધારો ઝીંકવામાં આવ્યો છે. જેના કારણે તેની નવી કિંમત વધીને રૂપીયા ૧૮૮૩ થઈ ગઈ છે. સરકારી સુત્રોના જણાવ્યા અનુસાર જયાં સુધી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલ ૧૩૦ ડોલર પ્રતિ બેરલને પાર નહી કરે ત્યાં સુધી પેટ્રોલ ડીઝલના ભાવ વધારવામાં આવશે નહી. હાલમાં ક્રુડ ૧૦૦ ડોલરની આસપાસ છે. તેથી ભાવ સ્થિર રહેવાની શકયતા છે. ઉર્જા મંત્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે ભારત પાસે ઈંધણ અને એટીએફ (વિમાનનુ બળતણ) નો પુરતો સ્ટોક છે. સપ્લાય ચેઈન જાળવી રાખવા માટે ભારતે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ સિવાયના વૈકલ્પિક સમુદ્રી માર્ગોથી પણ ક્રુડ ઓઈલ મંગાવવાનુ શરૂ કર્યુ છે. ભારતની આ રણનીતીની દુનિયાના અન્ય દેશો પણ પ્રશંસા કરી રહ્યા છે અને સલાહ માંગી રહ્યા છે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં કોંગ્રેસ ભાજપના અતિક્રમણ પીડીતોને પ્રથમ ટીકીટની ફાળવણી કરશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં જનતાના પ્રતિનિધિને ઉમેદવાર બનાવવાને લઈને કોંગ્રેસે મોટી જાહેરાત કરી છે. તારીખ ૧૧ થી ૨૦ માર્ચ વચ્ચે જિલ્લા-તાલુકા અને નગરપાલિકા / મહાનગર પાલિકાઓમાં ઉમેદવારોને કોંગ્રેસ સાંભળશે.

આગામી સમયમાં રાજયભરમાં યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને લઈ કોંગ્રેસે તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. ૧૫ મહાનગરપાલિકાની ૧૦૪૪ બેઠક, ૩૪ જિલ્લા પંચાયતની ૧૦૮૪, અને ૮૩ નગરપાલિકાની ૨૩૯૬ બેઠકો ઉપર ચુંટણી યોજાશે.

આ તરફ કોંગ્રેસ તારીખ ૧૧ થી ૨૦ માર્ચ દરમિયાન ચુંટણી લડવા માંગતા ઉમેદવારોને સાંભળવા ગ્રાઉન્ડ લેવલ ઉપર જશે. કોંગ્રેસ દ્વારા આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ માટે કેટલાક માપદંડ જાહેર કર્યા છે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે ચુંટણી લડવા માંગતા ઉમેદવારોને રૂબરૂ સાંભળવામાં આવશે. તમામ મહાનગરો, જિલ્લા, તાલુકાઓમાં ઉમેદવારોને રૂબરૂ સાંભળવામાં આવશે. ૭૦ લાખ જેટલા મતદારોના નામ રદ કરવામાં આવ્યા છે. ભાજપે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને ભ્રષ્ટાચારનો અડ્ડો બનાવ્યો છે. કમલમ સુધી કમિશન પહોચે ત્યારબાદ જ કોન્ટ્રાકટ અપાય છે.

ચાવડાએ વધુમાં કહ્યુ હતુ કે ૫૦ ટકા બેઠકો પર કોંગ્રેસ યુવાનોને પ્રાથમિકતા આપશે, ૫૦ ટકા બેઠકો ઉપર ૫૦ વરસથી ઓછી વયના ઉમેદવારોને કોંગ્રેસ ટીકીટ આપશે. ૧૧ થી ૧૯ તારીખ દરમિયાન કોંગ્રેસ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા કરશે. ચુંટણી લડવા માંગતા દાવેદારોને કોંગ્રેસ રૂબરૂ સાંભળશે. તે સિવાય કોંગ્રેસ મેયર અને નગરપાલિકા પ્રમુખનો ચહેરો જાહેર ચુંટણી લડશે. ક્ણ મેયર પદનો દાવેદાર હશે તેની જાહેરાત કોંગ્રેસ અગાઉથી કરી દેશે. ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા સ્થાનિક કક્ષાએ કરાશે. નગરપાલિકાની ચુંટણી સમિતિ જ ઉમેદવાર ની પસંદગીને આખરી ઓપ આપશે. અનામત વ્યવસ્થામાં ૫૦ ટકા મહિલા અનામતનુ ધ્યાન રખાશે, સામાજિક સ્વચ્છ છબી ધરાવતા લોકોને પ્રાથમિકતા આપશે. કોઈપણ વર્ગ ના પ્રતિનિધિને પણ તક આપવા જાહેરાત કરાઈ છે. તો બીજી તરફ લારી ગલ્લાના એસોસીએશનના પ્રમુખ, બુલ્ડોઝર રાજ સામે લડત આપતા કાર્યકરોને પણ તક અપાશે. તો બીજી તરફ ભાજપ અતિક્રમણમાં પીડીત લોકોને પણ તક આપવામાં આવશે. ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા સ્થાનિક કક્ષાએ કરાશે.

નગરપાલિકાની ચુંટણી સમિતિ જ ઉમેદવારની પસંદગીને આખરી ઓપ આપશે. વિધાનસભાના વિપક્ષ નેતા ડો. તુષાર ચૌધરીએ નિવેદન આપ્યુ હતુ કે એક કયુઆર કોડ જાહેર કરવામાં આવશે. જેમાં ઈચ્છા ધરાવતા ઉમેદવારો ફોર્મ ભરી શકશે અને તે તમામ ઉમેદવારોને તારીખ ૧૧ થી ૨૦ માર્ચ વચ્ચેની પ્રક્રિયામાં સાંભળવામાં આવશે. સાથે મેયર પદના ઉમેદવાર પણ જાહેર કરવા કોંગ્રેસે જાહેરાત કરી હતી.

